## આજનું પંચાંગ

**૧-૮-૨૦૨૪, ગુરૂવાર**

**તિથિ :** અષાઢ વદ ૧૨, શિવરાત્રી, સૂર્યનો આશ્લેષા નક્ષત્ર પ્રવેશ ૨૨.૦૬. **નક્ષત્ર:** મૃગશીર્ષ. ૧૫.૩૧. **રાશિ:** મિથુન. **ચોઘડિયાં: દિવસના :** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ. **રાત્રિનાં :** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત.

## આપની આજ

મેષ(અ.લ.ઈ.): આકસ્મિક ખર્ચ આવી પડે.
વૃષભ(બ.વ.ઉ): મધ્યમ દિવસ રહેશે.
મિથુન(ક.છ.ઘ.): સામાજિક બાબતો સાનુકૂળ રહેશે.
કર્ક(ડ.હ.): સામાજિક દોડધામ અકળાવશે.
સિંહ(મ.ટ.): ઉત્તમ દિવસ રહેશે.
કન્યા(પ.ઠ.ણ.): કોઈ આર્થિક કાર્ય પાર પડે.
તુલા(ર.ત.): મહિલા વર્ગને સંભાળવું.
વૃશ્ચિક(ન.ય): સામાજિક બાબતોમાં સંભાળવું.
ધન(ભ.ધ.ફ.): આર્થિક બાબતોમાં કાળજી લેવી.
મકર(ખ.જ.): આર્થિક બાબતો પ્રતિકૂળ રહેશે.
કુંભ(ગ.શ.સ.): આર્થિક કાર્ય પાર પડશે.
મીન(દ.ચ.ઝ.થ.): સામાજિક બાબતો દોડધામમય રહે.

## અમૃતધારા

*મોઘાશા મોઘકર્માણો*
*મોઘજ્ઞાના વિચેતસઃ।*
*રાક્ષસી માસુરી ચૈવ*
*પ્રકૃતિં મોહિની શ્રિતા :।*

**▪ગીતા**

મારાથી વિમુખ રહેનારા મૂર્ખ લોકો મોહિત કરનારી રાક્ષસી અને આસુરી વૃત્તિનું આલંબન કરી પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે.

## સત્સંગ

ગૃહસ્થાશ્રમમાં પણ માનવ સાધના કરે તો બ્રહ્મજ્ઞાની થઈ શકે. બ્રહ્મજ્ઞાની થવા માટે સન્યાસી બનવું જરૂરી નથી.

**▪પૂ. ડોંગરેજી મહારાજ**

## મહેફિલ

શ્વાસની સરહદ પછી હું કિંવદન્તી કોતરું
શબ્દ આખું સૂર્યથી ને ચંદ્રથી મન ખોતરું

**▪જયેન્દ્ર શેખડીવાળા**

## ઈર્શાદ

*કિસી મકાન કી છત સે ગિરો તો ફિક્ર નહીં*
*કિસી નિગાહ સે ગિરને કા કામ મત કરના*

**▪ફુઝીબ અહમદાબાદી**

કોઈ મકાનની છત પરથી પડી જાઓ તો ચિંતા નથી પરંતુ કોઈની નજરમાંથી પડવાનું કામ ન કરતાં.

## આજની તારીખે

- ભારતના વિભાજનના વિરોધ માટે તેમજ હિન્દીને ભારતની સત્તાવાર ભાષાનો દરજ્જો મેળવવાના તેમના પ્રયત્નો માટે યાદ કરવામાં આવતા યુપીના ગાંધી તરીકે જાણીતા અને ભારતરત્નથી સન્માનિત સ્વાતંત્ર્ય સેનાની પુરુષોત્તમદાસ ટંડનનો જન્મ (૧૮૮૨)
- પદ્મશ્રીથી સન્માનિત ગુજરાતમાં કલા સંસ્કારનું બીજારોપણ કરનાર કલાગુરુ રવિશંકર રાવળનો ભાવનગરમાં રાવસાહેબ મહાશંકરને ત્યાં જન્મ (૧૮૯૨)
- 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ.' તેવો મંત્ર આપી સ્વરાજની માંગણી કરનાર પ્રથમ નેતા લોકમાન્ય ટિળક તરીકે પ્રસિદ્ધ થયેલાં બાળ ગંગાધર ટિળક (કેશવ ગંગાધર શાસ્ત્રી)નું અવસાન (૧૯૨૦)
- ભારતીય ક્રિકેટર (૧૬ ટેસ્ટ અને ૧૯ વનડે રમનાર) અને કોમેન્ટેટર અરુણ લાલનો ઉત્તરપ્રદેશના મુરાદાબાદ ખાતે જન્મ (૧૯૫૫)
- નારુ દા તરીકે પણ ઓળખાતા ભાજપના પશ્ચિમ બંગાળ એકમના ૯મા અધ્યક્ષ, લોકસભામાં મેદિનીપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા સંસદસભ્ય તરીકે સેવા આપી રહેલ દિલીપ ઘોષનો જન્મ (૧૯૬૪)
- હાઈડ્રોજન અને ઓક્સિજનનાં સંયોજનનાં પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલની શોધ કરી સેલ તેમજ બેટરી વડે વીજળી મેળવવાનાં સાધનોની શોધનો પાયો નાખનાર વિલિયમ રોબર્ટ ગ્રોવનું ઈંગ્લેન્ડમાં અવસાન (૧૮૯૬)
- ભારતના ક્રિકેટ ખેલાડી (૪ ટેસ્ટ રમનાર) યજુવિન્દ્ર સિંગનો રાજકોટ ખાતે જન્મ (૧૯૫૨)
- NMC હેલ્થ, નિયોફાર્મા, BRS વેન્ચર્સ અને ફિનાબ્લર સહિત UAE સ્થિત અસંખ્ય કંપનીઓના સ્થાપક ભારતીય મૂળના ઉદ્યોગપતિ બી.આર. શેટ્ટી (બાવાગુથુ રઘુરામ શેટ્ટી)નો કર્ણાટક રાજ્યમાં જન્મ (૧૯૪૨)
- ભારતના ક્રિકેટ ખેલાડી (૯ ટેસ્ટ રમનાર) મોહમ્મદ નિસારનો પંજાબના હોશિયારપુર ખાતે જન્મ (૧૯૧૦)
- સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનાં પત્ની કમલા નહેરુનો દિલ્હી ખાતે જન્મ (૧૮૯૯)
- હિન્દી સિનેમાના ઐતિહાસિક રીતે અનુપમ અભિનેત્રી તરીકે વર્ણવવામાં આવતા ટ્રેજેડી ક્વીન તરીકે જાણીતી અભિનેત્રી અને કવિયત્રી મીના કુમારી (મેહજબીન બાનો)નો મુંબઈમાં જન્મ (૧૯૩૩)
- હિન્દી સિનેમામાં અભિનેતા અને ફિલ્મ દિગ્દર્શક ભગવાન દાદા (ભગવાન આબાજી પાલવ)નો મહારાષ્ટ્રના અમરાવતી ખાતે જન્મ (૧૯૧૩)
- હિન્દી, તેલુગુ અને તમિલ ભાષાની ફિલ્મોમાં અભિનેત્રી તાપસી પન્નુનો નવી દિલ્હી ખાતે જન્મ (૧૯૮૭)
- હિન્દી અને મરાઠી ફિલ્મો અને ટેલિવિઝનમાં અભિનેત્રી મૃણાલ ઠાકુરનો નાગપુર ખાતે જન્મ (૧૯૯૨)
- હિન્દી ટીવી, થિયેટરમાં અને બોલિવૂડ ફિલ્મોમાં અભિનેત્રી ઇશા દુબેનો દિલ્હી ખાતે જન્મ (૧૯૮૪)
- વિશ્વ સ્તનપાન સપ્તાહ

Printed, published and owned by Malavkumar Arunbhai Patel. Printed at Divya Bhaskar, A-B Plot, At. Landapura, Vadodara (Gujarat) and published at Sardar Gurjari (Unit of Sardar Prakashan Pvt. Ltd.), Choksi Estate, Swaminarayan Society Road, Near Sardar Gunj, Anand, Gujarat-388001. Editor - Malavkumar Arunbhai Patel.

# સૈયદપુરાનો સસ્તા અનાજનો વૈકલ્પિક દુકાનદાર માર્ચ માસનો અનાજનો જથ્થો ચાઉં કરી ગયાનો આક્ષેપ

## સ્થાનિકોની રજૂઆત બાદ તંત્ર હરકતમાં આવ્યું

આણંદ, તા ૩૧

ઉમરેઠ તાલુકાના સૈયદપુરા ગામની સસ્તા અનાજની દુકાનનો વૈકલ્પિક પરવાનો હમીદપુરા ગામની સસ્તા અનાજના દુકાનદારને આપવામાં આવ્યો હતો. હમીદપુરાના દુકાનદારે માર્ચ માસમાં રેશનકાર્ડ ધારકોની ફિંગરપ્રિન્ટ લઇ કુપન કાઢ્યા બાદ એક પણ રેશનકાર્ડ ધારકને અનાજનો જથ્થો વિતરણ ન કર્યાના આક્ષેપ સાથે કાર્ડધારકોમાં રોષ ભભૂક્યો છે.

પુરવઠા વિભાગ ઉમરેઠ દ્વારા સૈયદપુરાના દુકાનદાર મનુભા તળપદા પાસેથી માર્ચ-૨૪માં દુકાનનો પરવાનો પરત લઇ આ દુકાનનો વૈકલ્પિક પરવાનો હમીદપુરાના દુકાનદારને આપવામાં આવ્યો હતો અને હમીદપુરાના દુકાનદારે માર્ચ માસમાં ઓનલાઈન તમામ રેશનકાર્ડ ધારકોની કુપન કાઢી હતી પરંતુ ગામના ૪૫૦ જેટલા કાર્ડધારકોમાંથી એકપણ રેશનકાર્ડ ધારકને બિલકુલ અનાજનું વિતરણ કર્યું ન હતું.

આ અંગે ગામના જાગૃત નાગરિકોએ જે તે સમયે જાણ કરવા છતાં ઉમરેઠ પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધારકોને અનાજ મળે તેવી કોઇ જ કાર્યવાહી કરી ન હતી. ત્યારબાદ એપ્રિલ, મે અને જૂન માસમાં પણ ગામના ૩૦થી ૪૦ રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યનું અનાજ વિતરણ ન કરાયું હોઇ વૈકલ્પિક પરવાનો હમીદપુરાના દુકાનદાર પાસેથી પરત લઇ પુનઃ સૈયદપુરાના દુકાનદારને આપવામાં આવ્યો છે. તેમ છતાં આજદિન સુધી માર્ચ માસનો જથ્થો મળ્યો નથી.

ઉલટાનું ગત માસે ૪૦થી ૫૦ રેશનકાર્ડ ધારકો અનાજના જથ્થાથી વંચિત રહી ગયા છે અને ચાલુ જુલાઇ માસમાં ૧૫થી ૨૦ રેશનકાર્ડ ધારકો અનાજના જથ્થાથી વંચિત રહી ગયા છે.

જેને લઈને કાર્ડ ધારકોએ આજે બુધવારે દુકાન આગળ એકત્ર થઇ પુરવઠા મામલતદારને જાણ કરતા પુરવઠા મામલતદાર સ્થળ ઉપર પહોંચી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

### તપાસ કરાવું છુંઃ ડીએસઓ

આણંદ જિલ્લા પુરવઠા અધિકારીએ સમગ્ર મામલે આ અંગે તપાસ કરાવવાની હૈયાધારણ આપી હતી.

### હમીદપુરાના દુકાનદારનો મોબાઇલ સતત બંધ જ રહ્યો

સૈયદપુરાની સસ્તા અનાજની દુકાનનો માર્ચ-૨૪થી જૂન-૨૪ સુધી વૈકલ્પિક પરવાનો ધરાવતા હમીદપુરાના દુકાનદારનો આ અંગે સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તેઓનો મોબાઇલ નંબર ૯૬૫૧૦૭ ૩૫૩૫૪ સતત બંધ બતાવ્યો હતો.

### કાર્ડધારકોની ફરિયાદ મળી છેઃ પુરવઠા મામલતદાર

ઉમરેઠના પુરવઠા મામલતદારે જણાવ્યું હતું કે હું ઉમરેઠ ખાતે હાજર થયાને પંદર દિવસ જ થયા છે એટલે માર્ચ માસમાં શું થયું છે તેનાથી સાવ અજાણ છું. પરંતુ આજે કાર્ડધારકોની રજૂઆત મળતા ગામમાં તપાસ માટે ગયો હતો.

માર્ચ માસનો અનાજનો જથ્થો દુકાનદારને ફાળવાયો છે કે કેમ તે અંગે પુરવઠા મામલતદારને પૂછતા કરતા તેઓએ પ્રથમ તો હાલમાં આ અંગે કશું કહી ના શકું તેમ જવાબ આપ્યો હતો. ત્યારબાદ તપાસ કરીને કહું છું તેવો રૂટિન જવાબ આપી ફોન કટ કરી દીધો હતો.

### માર્ચ માસમાં જથ્થો વિતરણ કરવાની જવાબદારી મારી નહોતીઃ દુકાનદાર

સૈયદપુરાના દુકાનદાર મનુભાઇ તળપદાએ જણાવ્યું હતું કે માર્ચ માસનો જથ્થો વિતરણ કરવાની જવાબદારી હમીદપુરાના દુકાનદારની હતી. હું જુલાઇ માસથી જ જવાબદારી સંભાળું છું.

# શ્રી પી.એમ. પટેલ કોલેજ ખાતે સરદાર સાર્ધ શતાબ્દી કાર્યક્રમ અંતર્ગત કારગીલ વિજય દિવસની ઉજવણી

આણંદ, તા.૩૧

આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી પી.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન સાયન્સના નેતૃત્વમાં યોજાયેલ સરદાર સાર્ધ શતાબ્દી કાર્યક્રમ શ્રેણીની ૮૨મી સભા સાથે કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઇ હતી.

એપીએમએસના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)એ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી સાર્ધ શતાબ્દી જન્મ જયંતી વર્ષ ૨૦૨૫માં આવશે તે દિવસની ઉજવણી સાથે સરદાર સાર્ધ શતાબ્દી વંદના કાર્યક્રમ હેઠળ ૧૫૦ કાર્યક્રમ માટે નિર્ણય કરેલ છે. દર શુક્રવારે યોજાતી સાર્ધ શતાબ્દી વંદના સભાની પરંપરામાં ૮૨મી સભાના દિવસે આવતા કારગીલ વિજય દિવસની ઉજવણી કરવા સાથે પ્રા.ડો. રિધ્ધિબેન નાયકે દેશના વીર જવાનોને અંજલિ આપતું દેશભક્તિ ગીત એ મેરે વતન કે લોગોં.. રજૂ કર્યું હતું.

આ સરદાર સભામાં ઓર્ગેનિક કેમેસ્ટ્રી વિભાગના હેડ ડો. અનવિતા માંગટેએ સ્વાગત પ્રવચન કરી સરદાર પટેલના જીવનના ખાસ પ્રસંગો વિશે રસપ્રદ માહિતી આપી હતી. સભાના અતિથિ ડો. દિનેશભાઇ પટેલે સરદાર પટેલના નામ સાથે રાજકારણ નહિ કરવાની અપીલ કરવા સાથે સૌને ભવિષ્યના કાર્યક્રમો માટે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રા.ડો. પરીન શેખ, પ્રા. રીમાબેન પટેલ, એમએસસીના વિદ્યાર્થીઓ પ્રિયંકા સોલંકી, ચિંતન જોશી, જાનવી શર્મા, ફાલ્ગુની વસાવા અને દિગ્વિજય ડાભીએ સરદાર પટેલના જીવનના પ્રસંગો વિશે યાદગાર રજૂઆતો કરી હતી.

# ખંભાત નગરપાલિકા દ્વારા નગરના ધાર્મિક સ્થળો તોડવા નોટીસ પાઠવતા નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું

આણંદ, તા.૩૧

ખંભાત નગરપાલિકાના ચીફ ઓફીસર દ્વારા ખોડીયાર માતાજીનું મંદિર, હનુમાનજી મંદિર, હડકાઇ માતાનું મંદિર, ભાથીજી મંદિર સહિત ૬ ધાર્મિક સ્થળો તોડવાની નોટીસ પાઠવતા જનઆક્રોશ જોવા મળ્યો હતો. જેને કારણે અગ્નિ સમાજ ગુજરાત સંગઠન દ્વારા પ્રાંત કચેરી ખાતે નાયબ કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટીપી સ્કીમ હેઠળ જો કોઇ મંદિર કે મસ્જિદ દબાણમાં આવતી હોય ત્યારે તેને તોડી પાડવાનો હુકમ કરવામાં આવેલ હતો જેના અનુસંધાને ખંભાત નગરપાલિકા ચીફ ઓફીસર દ્વારા ખંભાતના વિવિધ મંદિરોને નોટીસ આપતા અગ્નિ સમાજ સંગઠન દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. હિન્દુ યુવાઓ મંદિર બચાવવા માટે રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને વિરોધ કર્યો હતો.

મંદિર તોડવા અર્થે નોટીસના વિરોધમાં કોંગ્રેસ પક્ષે પણ સમર્થન જાહેર કર્યુ હતું જે દરમ્યાન ઈન્ચાર્જ પીઆઇ એસ.જી. સોલંકી, પીએસઆઇ સહિતનો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ - પ્રથમ દિવસ

દર વર્ષે 1 થી 7 ઓગસ્ટ દરમિયાન World Breastfeeding Week (WBW) એટલે કે વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવવામાં આવે છે. તેની શરૂઆત 1992 માં વર્લ્ડ એલાયન્સ ફોર બ્રેસ્ટફીડિંગ એડવોકેસી દ્વારા સ્તનપાન અંગે લોકજાગૃતિ અને સમર્થન માટે કરવામાં આવી હતી. ભારતમાં યુનિસેફ, WHO, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ-અને ફેમિલી વેલ્ફેર-ભારત સરકાર, નેશનલની યોનેટોલોજી ફોરમ, ઇન્ડિયન એકેડેમી ઓફ પિડીયાટ્રીક્સ અને અન્ય અનેક સંસ્થાઓ દ્વારા આ સપ્તાહ દરવર્ષે ઉજવવામાં આવે છે. સ્તનપાનના ફાયદામાત્ર શિશુ અને માતા પૂરતા સીમિત નથી પરંતુ તેનો નોંધપાત્ર લાભ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને પણ થાય છે.

### સ્તનપાન ક્યારે શરુ કરવું અને ક્યાં સુધી ચાલુ રાખવું?

જન્મના એક કલાકની અંદર સ્તનપાન શરૂ કરવું જોઈએ. પ્રથમ છ મહિનાની ઉંમર સુધી માત્ર માતાનું સ્તનપાન જ આપવામાં આવે છે. છ મહિના પુરા થયે, માતાના ધાવણની સાથે યોગ્ય પૂરક ખોરાક શરૂ કરવો જોઈએ. બે વર્ષ કે તેથી વધુ સમય સુધી સ્તનપાન ચાલુ રાખવું જોઈએ.

### જો શિશુને સ્તનપાન ન મળે અને ઉપરથી દૂધ કે અન્ય પ્રવાહી આપવામાં આવે તો શિશુને શું નુકશાન થાય છે?

સ્તનપાનના નોંધપાત્ર ફાયદાઓનું જ્ઞાન હોવા છતાં ભારતમાં હજુપણ માત્ર 42% શિશુને જ એક કલાકની અંદર સ્તનપાન મળે છે. છ મહિનાથી ઓછી ઉંમરના 55% બાળકોને જ ફક્ત સ્તનપાન કરાવવામાં આવે છે. ભારતમાં સ્તનપાન ન મળવાથી દરવર્ષે 1 લાખથી વધુ શિશુઓનું મૃત્યુ થાય છે. શિશુને ચેપનું જોખમ વધે છે જેમકે ઝાડા, અને ન્યુમોનિયા વધુ થાય છે. ઉંમર વધતા સ્થૂળતાનું (મેદસ્વીપણું), બ્લડપ્રેસર વધવાનું જોખમ રહે છે. જો માતા સ્તનપાન ન કરાવે તો સ્તન કેન્સર, અંડાશયનું કેન્સર, અને ડાયાબિટીસ થવાનું જોખમ વધે છે.

### સ્તનપાનનું પ્રમાણ સૌથી વધુ હોય તેવા દેશો કયા છે?

એક સર્વેક્ષણ મુજબ, એશિયામાં શ્રીલંકા સ્તનપાન દરમાં પ્રથમ ક્રમે છે. સમગ્ર વિશ્વમાં શ્રીએશિયામાં સ્તનપાનનો દર સૌથી વધુ છે, જ્યાં 98% થીવધુ બાળકોને જન્મથી સ્તનપાન કરાવવામાં આવે છે. રવાન્ડા, ચિલી અને બુરુન્ડી દેશોમાં સ્તનપાન દર 80 ટકા કરતા વધારે છે.

### વિશ્વ સ્તનપાન સપ્તાહના વર્ષ ૨૦૨૪ માટેના ઉદ્દેશ્યો શું છે?

ચિત્રમાં દર્શાવ્યા મુજબ વિશ્વ સ્તનપાન સપ્તાહ 2024 માટેની થીમ છે: "Closing the gap: Breastfeeding support for all" એટલેકે "માતાને સ્તનપાન કરાવવામાં થતા વિઘ્નોને દૂર કરો અને તેમને સ્તનપાન કરાવવા માટે પ્રોત્સાહિત અને મદદ કરો". ગ્લોબલ બ્રેસ્ટફીડિંગ કલેકિટવ દ્વારા વર્ષ 2030 સુધીમાં પ્રથમ 6 મહિનામાં માત્ર સ્તનપાનનું લક્ષ્ય 70% સુધી પહોંચવાનું નક્કી કર્યું છે.

### આ અભિયાનમાં આપણે કેવી રીતે મદદ કરી શકીએ?

પરિવાર અને સમાજમાં સ્તનપાનના ફાયદા વિષે લોકોને માહિતગાર કરો. સ્તનપાન માટે સહયોગ અને સમર્થન વધારવા માટે વ્યક્તિઓ અને સંસ્થા સાથે જોડાઓ. સ્તનપાન વિષે સમાજમાં પ્રચલિત ગેરમાન્યતાઓ દૂર કરો. જો કોઈ માતાને સ્તનપાનમાં તકલીફ પડતી હોય તો બાળરોગ વિશેષજ્ઞ ડૉક્ટરની મદદ લો. સ્તનપાન વિશે વધુ માહિતી આવતીકાલે આપીશું.

**▪ડો. અનીશાસિંહા, ડો. આશુતોષ શર્મા, ડો. દિપેન પટેલ**
**નવજાત શીશુ વિભાગ, શ્રી કૃષ્ણા હોસ્પિટલ, ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ**

# નડિયાદઃ ઉત્કૃષ્ટ કામગીરી બદલ વાયરલેસ સબ ઇન્સ્પેક્ટરનું સન્માન

નડિયાદ, તા.૩૧

ખેડા જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા વાયરલેસ સબ ઇન્સ્પેક્ટર અશોકકુમાર જગદંબાપ્રસાદ તિવારીને વર્ષ ૨૦૨૩ની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં DGP's Commendation Disc-2023 માટે પ્રમાણપત્ર અને ડીજીપી ડિસ્ક એનાયત કરી રાજ્ય પોલીસ વિભાગના ડીજીપી વિકાસ શાહના હસ્તે સન્માન કરાયું હતું.

# નડિયાદમાં ક્રીટીકલ પરિસ્થિતિમાં સંદેશા વ્યવહારના અન્ય સાધનના ઉપયોગની તાલીમ અપાઇ

નડિયાદ, તા.૩૧

ખેડા જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ અને સેન્ટ મેરીસ હાયર સેકન્ડરી સ્કૂલ, નડિયાદ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે આપાતકાલીન પરિસ્થિતિમાં જ્યારે મોબાઇલ, લેન્ડ લાઈન ફોન, ઈન્ટરનેટ, ટીવી અને રેડીયો જેવા સંદેશા વ્યવહારના તમામ સાધનો બંધ થઈ જાય ત્યારે ફક્ત વાયરલેસ, એમ્યુચર રેડીયો, હેમ રેડીયો, વોકી ટોકી દ્વારા જ સંદેશા વ્યવહારનું આદાન પ્રદાન થઈ શકે છે.

આ અંગે વિદ્યાર્થી તેમજ શિક્ષકોને ડેમોન્સ્ટ્રેશન એક દિવસીય તાલીમ ખેડા જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘના સ્કાઉટ કમિશ્નર પ્રકાશભાઈના સહયોગથી સંપન્ન કરવામાં આવી હતી. આ ડેમોન્સ્ટ્રેશનમાં ડો. જગદીશભાઇ પંડ્યાએ ખૂબ જ સુંદર રીતે રસપ્રદ માહિતી આપી હતી. તેઓએ આપાતકાલીન સમયમાં હેમ રેડીયો, વોકી ટોકી કેવી રીતે ઉપયોગી થાય છે તે અંગે સમજાવ્યું હતું. વિઠ્ઠલભાઇ અજમેરા, પીરેનભાઈ ટાંક અને અમિતસિંહના સંપૂર્ણ સહયોગથી પ્રેક્ટીકલ કરવામાં આવ્યું હતું. ૮૬૬ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ હેમ રેડીયોની તાલીમ લીધેલ છે જેમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ હેમ રેડીયો લેવાની તૈયારી બતાવી છે.

# ઝારોલા હાઇસ્કૂલમાં બોરનું ખાતમુહૂર્ત

આણંદ, તા.૩૧

બોરસદ તાલુકાના ઝારોલા ગામની હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગ શ્રી જે.પી. પટેલ (મુખી) વિદ્યાવિહારમાં ગામના ઉપસરપંચ લખનભાઈ, ગામના અગ્રણી પ્રફુલભાઈ, રસિકભાઈ, મંડળના પ્રમુખ ઘનશ્યામભાઈ વગેરેની ઉપસ્થિતિમાં શાળામાં નિર્માણ પામનાર બોરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# આણંદની મહિલા અને સારસાનો યુવાન ગૂમ

આણંદ શહેરના જેપીસી સર્કલ પાસે આવેલા એસેલ ટાવરમાં રહેતા ગીતાબેન કિરણભાઈ રાવલ (ઉ. વ. ૫૫) ગત ૨૨મી તારીખના રોજ ક્યાંક ગૂમ થઈ જવા પામ્યા હતા. જ્યારે બીજા બનાવમાં સારસા ગામના હરિજનવાસમાં રહેતો વિષ્ણુભાઈ દિનેશભાઈ વાઘેલા (હરિજન)(ઉ. વ. ૩૩) ગત ૨૮મી તારીખના રોજ નોકરી ઉપર જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ક્યાંક ગૂમ થઈ જવા પામ્યો હતો. આણંદ શહેર અને ખંભોળજ પોલીસે જાણવા જોગ નોંધ દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

# સોજીત્રામાં બે કલાકમાં અડધો ઇંચ વરસાદ

### તારાપુર, આણંદ અને ઉમરેઠમાં આંશિક ઝરમર, અન્ય તાલુકા કોરાં રહ્યા

આણંદ જિલ્લામાં આજે સાંજે ૪થી ૬ કલાકના સમયગાળામાં માત્ર સોજીત્રામાં અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે દિવસ દરમ્યાન તારાપુર, આણંદ અને ઉમરેઠમાં આંશિક ઝરમર વરસી હતી. તે સિવાયના અન્ય તમામ તાલુકાઓમાં આજે રત્તીભાર પણ વરસાદ ન વરસ્યાનું ડિઝાસ્ટર વિભાગના ચોપડે નોંધાયું છે.

# ડાકોર : ગુલાબ-કમળના હિંડોળે 'હરિ' ઝૂલ્યા

ડાકોરના શ્રીરણછોડરાયજી મંદિરમાં હિંડોળા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે રંગબેરંગી ગુલાબ અને કમળના શૃંગારનો મનોહર હિંડોળો તૈયાર કરાયો હતો. જેમાં લાલજી મહારાજને બિરાજમાન કરાવીને સૌએ શ્રદ્ધા-પ્રેમથી ઝૂલાવ્યા હતા. પ્રભુના આ સ્વરુપના દર્શન કરીને ભાવિકજનોએ ધન્યતા અનુભવી હતી.

# આયુષ્યમાન આરોગ્ય મંદિર ખંભોળજ-૨ NQAS જાહેર કરાયું

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-રાસનોલના તાબા હેઠળના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખંભોળજ – ૨ ને ભારત સરકાર દ્વારા તાજેતરમાં NQAS પ્રમાણિત જાહેર કરવામાં આવ્યું છે. ભારત સરકારની ટીમ દ્વારા ખંભોળજ ૨ ની ઉત્તમ આરોગ્ય સેવાઓ અને સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ બદલ આયુષ્યમાન મંદિર ખંભોળજ ૨ ને ૯૨.૨૦ ટકા સાથે નેશનલ ક્વોલિટી એસ્યુરન્સ સર્ટિફિકેટ માટે પ્રમાણિત જાહેર કરવામાં આવ્યું છે.

સમાજના નવનિર્માણ માટે...
આપની આસપાસ બનતી ઘટના તથા આપની પ્રવૃત્તિની જાણ કરો
સરદાર ગુર્જરી
ચોકસી એસ્ટેટ,
સરદાર ગંજ, આણંદ
ફોન : (૦૨૬૯૨) [illegible]
[illegible] ફેક્સ: [illegible] www.sardargurjari.com